| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 16/01/2023 |
| PAGE : | 3 |

# આજથી EDIIમાં વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ, 60થી વધુ સ્ટાર્ટઅપ જોડાશે

અમદાવાદ | આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ (ઈડીઆઈઆઈ)માં સોમવારથી નેશનલ સ્ટાર્ટઅપ ડેની ઉજવણી કરાશે, જેના ભાગરૂપે એન્યુઅલી સ્ટાર્ટઅપ સમિટ ઈમ્પ્રેસારિઓ-2023ની ઉજવણી કરાશે. આ કાર્યક્રમમાં 50 કરતાં વધારે સ્ટાર્ટઅપ જોડાશે. કાર્યક્રમનું ઉદઘાટન ગૃહમંત્રી હર્ષ સંઘવી કરશે. રાજ્યમાં વધતા સ્ટાર્ટઅપ કલ્ચરને વેગ મળે તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અને ગ્રાન્ટની શરૂઆત કરાઈ છે, જેનો લાભ રાજ્યના દરેક આંત્રપ્રિન્યોર સુધી પહોંચે તે માટેના પ્રયત્નો કરાશે. ઈડીઆઈઆઈમાં યોજાનારી ઈવેન્ટ દરમિયાન લોકો અવનવા આઈડિયા પર કામ કરી રહેલા ઈનોવેટર્સ સાથે પણ વાત કરી શકશે.